ગાંધીનગર સમાચાર

કંગાળ ભાસતા સ્ટ્રીટ લાઇટના પોલ્સને આખરે કલરકામ કરવાનુ શરૂ કરાયુ

# મનપાના ઉમેદવારોની પસંદગી માટે આજે ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગરપાલિકા માટે ઉમેદવારોની પસંદગી અંગે આજે પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળશે.

ગાંધીનગર ખાતે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં મળનાર આવોર્ડમાં વિવિધ વોર્ડ માટે બનાવાયેલ પેનલોના નામ આખરી કરી દેવાશે અનો ભાજપના ઉમેદવારો ૯મીએ તેમના ઉમેદવારી પત્રો ભરી દેશે.

૯મી એપ્રિલ એ ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે. ૮મીએ મોડી સાંજે શહેર ભાજપ દ્વારા ઉમેદવારોની યાદી જાહેર થાય તેવી શક્યતાઓ છે. ઉમેદવારોની યાદીમાં લગભગ તમામ વર્ગને સ્થાન આપવામાં આવશે તેમ પક્ષના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે

## પાર્લામેન્ટરી બોર્ડમાં પ્રચાર અભિયાન ઉપરાંત વિઝન-ગાંધીનગર વિશે પણ પરામર્શ કરાય તેવી શક્યતા

પાર્લામેન્ટરી બોર્ડમાં પક્ષની જાહેર પ્રચાર અભિયાનની રણનીતિને પણ આખરીરૂપ આપવામાં આવે તેવી શક્યતાઓ છે. જાહેરસભાઓ માટેના વક્તાઓની યાદી તૈયાર થઈ ચુકી છે તેમજ ત્રણથી ચાર સભાઓ યોજાશે તેમ મનાઈ રહ્યું છે.

પક્ષ દ્વારા ડોર ટુ ડોર પ્રચાર અભિયાન પર પ્રારંભમાં વિશેષ ભાર આપવામાં આવશે. આ ઉપરાંત પ્રચાર અભિયાનમાં કલોલ, માણસા, પેથાપુર તેમજ અમદાવાદના કાર્યકર્તાઓને પણ વિશેષ જવાબદારી સોંપવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

નવા સીમાંકન અને નવા નિયમો સાથે આ પ્રથમ સામાન્ય ચૂંટણી જંગ પાટનગરમાં ખેલાઈ રહ્યો છે. ગત વખતે બળવાને આધારે સત્તાના સૂત્રો હાંસલ કર્યા હતા. આ વખતે પ્રચાર અભિયાનમાં તેમજ ઉમેદવારોની પસંદગીમાં કોઈ કચાશ ના રહે તેના પર વિશેષ ભાર મુકવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

વિકાસના મુદ્દાને આગળ રાખી ૧૨મીએ પક્ષનું શહેર માટેનું વિઝન રજુ કરવાનું હોવાથી તે માટે પણ પાર્લામેન્ટરી બોર્ડમાં પરામર્શ કરવામાં આવે તેવી શક્યતાઓ છે.





ભારત ગૌરવ કૂચ - ભાજપના સ્થાપના દિને નિમિત્તે પાટનગરમાં ભારત ગૌરવ કૂચનું ભાજપ દ્વારા આયોજન કરાયું હતું... ભાજપના શહેર-જિલ્લાના કાર્યકરો મોટી સંખ્યામાં કેસરી ખેસ ધારણ કરી જોડાયા હતા... ભારત માતા કી જય અને વંદે માતરમ્‌ના જયઘોષ સાથે કૂચ સેક્ટર-૨૨ અને સેક્ટર-૨૧માં ફરી હતી... ત્યારબાદ સેક્ટર-૨૨ ખાતે આવેલા નવરાત્રી ચોકમાં સભાના રૂપમાં ફેરવાઈ હતી... રાજ્યના આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી અને સ્થાનિક અગ્રણીઓએ કૂચનું નેતૃત્વ સંભાળ્યું હતું.... (તસવીર : કશ્યપ નિમાવત)

# ગુડગર્વનન્સ અને વિકાસની રાજનીતિ થકી ભારત વિશ્વગુરૂ બનવાના માર્ગે છે : શંકરભાઈ



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૬

ગુડ ગર્વનન્સ અને વિકાસની નવી રાજનીતિ થકી વૈશ્વીક મહાગુરૂ બનતા ભારતને કોઈ અટકાવી શકશે નહિ તેમ રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું.

ગાંધીનગરમાં ગૌરવકૂચના સમાપન વેળાએ કાર્યકર્તાઓને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે ભારતનો વિકાસ દર આઝાદીની લડત વેળાએ ગગડ્યો હતો અને ત્યાર પછીના શાસકોએ વિકાસદર વૃદ્ધિ માટે જે પગલાં લેવા જોઈએ તે લીધા નહિ અને કોમવાદ, જ્ઞાતિવાદ જેવી રાજનીતિ કરવામાં કોઈ કચાશ રાખી નથી.

તેમણે આડકતરા આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે ગરીબી નાબુદીના નારાથી વિરૂદ્ધ ગરીબોની વૃદ્ધિનું કામ કર્યુ છે પરંતુ નરેન્દ્રભાઈ મોદીની સરકાર કેન્દ્રમાં અને રાજ્યમાં આનંદીબેનની સરકારના સતત પ્રયાસો વિકાસ માટે રહ્યા છે. વિકાસ અને ગુડગર્વનન્સની રાજનીતિ થકી દેશની સત્તાના સૂત્રો

● અનુસંધાન પાન-૭ પર

# ઉમેદવારીપત્ર ભરવા ત્રીજા દિવસે પણ કોઈ ના આવ્યુ

ગાંધીનગર, તા. ૬

મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરવાના ત્રીજા દિવસે પણ કોઈ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી નથી. જો કે ૩૦૦થી વધુ ઈચ્છુક ઉમેદવારો દ્વારા ઉમેદવારી પત્ર લઈ જવામાં આવ્યા છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની બીજી સામાન્ય ચૂંટણી માટે મુખ્ય સ્પર્ધક રાજકીય પક્ષ ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી આખરી થઈ નથી તો સ્થાનિક રચાયેલ પ્રાદેશિક પક્ષ લોકવિકાસ મંચે પણ હજુ તેના ઉમેદવારો જાહેર કર્યા નથી. આ ઉપરાંત રાષ્ટ્રવાદી કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષો પણ આ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવશે તેમ મનાઈ રહ્યું છે.

વોર્ડ નં. ૧ થી ૪ માટે ૧૩૯ જેટલા ઈચ્છુક ઉમેદવારો ઉમેદવારી પત્ર લઈ ગયા છે તો વોર્ડ નં. ૫ થી ૮ માટે ૧૭૫ જેટલા ઈચ્છુકો ઉમેદવારી પત્ર લઈ ગયા છે. બન્ને પક્ષોને બળવાનો ભય સતાવી રહ્યો છે.

આ ચૂંટણી માટે જે રીતે ઈચ્છુકો ઉમેદવારી પત્ર લઈ ગયા છે તે જોતાં જંગ ભાજપ કોંગ્રેસ કરતાં ત્રિકોણીય અથવા બહુકોણીય બને તેવી શક્યતાઓ પણ પાટનગરના રાજકીય વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે.

રાજકીય વર્તુળોમાં આજે એવી ચર્ચા થતી હતી કે બુધવારનો દિવસ હોવાથી ઉમેદવારોએ આજે ઉમેદવારી કરવાની ટાળી છે. હવે ગુરૂવાર અને શનિવારે જ ઉમેદવારી પત્ર ભરાશે. કેટલાક આગેવાનોએ તો મુહૂર્ત પણ કઢાવી લીધા હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ૩૨ બેઠકોને લઈ સમગ્ર શહેર રાજકીય જવરમાં સપડાયુ છે અને કોને-કોને ટિકિટ મળે છે, કોની કપાય છે તે વાતો ટોક ઓફ ધી ટાઉન બની રહી છે.

# પાણીજન્ય રોગચાળાને ડામવા કલોરીનેશનનુ પ્રમાણ વધારી દેવાયુ

## આકરી ગરમીમાં પાણીમાં કલોરીનેશનનુ પ્રમાણ ૨.૫ થી ૩ પી પી એમ કરાયુ

ગાંધીનગર તા ૬

ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા શહેરમાં પાણીનો વપરાશ વધ્યો છે. શહેરીજનોની પાણીની જરૂરિયાત સંતોષવા માટે તંત્ર દ્વારા રોજ ૫૫ એમ એલ ડી પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. જયારે આકરી ગરમીના દિવસોને ધ્યાને લઈ તંત્ર દ્વારા પાણીમાં કલોરીનેશન વધારી દેવાયુ છે. પાણીજન્ય રોગચાળો માથુ નુ ઉંચકે તે માટે પાણીમાં .૫ પી પી એમ કલોરીનેશન વધારી દેવામાં આવ્યુ છે.

શહેરમાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં પાણીનો વપરાશ સહજ રીતે જ વધી જાય છે. જયારે તંત્ર દ્વારા પાણીના વપરાશને ધ્યાને લઈ પાણીનો સપ્લાય પણ વધારી દેવામાં આવે છે. શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરાયા બાદ સેકટરોમાં પાણીનો કકળાટ ઓછો થયો હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. પાણી વિતરણ વ્યવસ્થાને અપગ્રડે કરવા

● અનુસંધાન પાન-૭ પર

# કંગાળ ભાસતા સ્ટ્રીટ લાઈટના પોલ્સને આખરે કલરકામ કરવાનુ શરૂ કરાયુ

## સ્ટ્રીટ લાઈટના થાંભલાને જાહેરાતનુ માધ્યમ બનતા અટકાવવા પણ પ્રબળ માંગ

ગાંધીનગર તા ૬

શહેરમાં કંગાળ ભાસતા સ્ટ્રીટ લાઈટના પોલ્સને કલર કરવાનુ કામ આખરે શરૂ કરવામાં આવ્યુ છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના પોલ્સ પર ખાનગી જાહેરાતના પોસ્ટર્સ ચિપકાવી દેવાતા કાટ ખાઈ ગયેલા થાંભલાઓ વધુ કંગાળ જોવા મળી રહયા હતા. જયારે તંત્ર દ્વારા આ મામલે સર્વે હાથ ધરીને આવા લાઈટીંગ પોલ્સને કલરકામ કરવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જો કે પોલ્સ પર જાહેરાતના પેમ્ફલેટ લગાવતા તત્વો સામે કોઈ પગલા લેવાતા નથી.

શહેરના સેકટરોમાં અજવાળુ પાથરવા માટે અંદાજિત ૧૮ હજાર જેટલા સ્ટ્રીટલાઈટના થાંભલા

● અનુસંધાન પાન-૭ પર

**બેસણું**



અમારા માતૃશ્રી
**સોનાબા છત્રસિંહ રાઓલ** (માણસા)
તા.૫-૪-૨૦૧૬ને ફાગણ વદી બારસના રોજ શ્રીજી ચરણ પામેલ છે. **સદ્‌ગતનું બેસણું/સુતક તા. ૭-૪-૧૬ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧ કલાક સુધી** અમારા નિવાસસ્થાને રાખેલ છે.
પ્લોટ નં.૫૦૯/૨, સે.૮ (ચ-૨ કોર્નર પાસે), ગાંધીનગર
કીર્તિસિંહ છત્રસિંહ રાઓલ (બેંક ઓફ બરોડા) મો.૯૭૧૨૯ ૧૪૮૫૮ | હિતેન્દ્રસિંહ છત્રસિંહ રાઓલ (ના.કા.ઈ.,વાલ્મી) મો.૯૯૦૯૯ ૨૧૧૩૭

**બેસણું**



ગૌતમભાઈ જોઈતારામ પટેલ (થોળ-ખાંટવાસ)નું દુ:ખદ અવસાન તા. ૩/૪/૨૦૧૬ને રવિવાર (એકાદશી)ના રોજ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૮/૪/૨૦૧૬ને શુક્રવારના રોજ નીચેના સ્થળે સવારે ૮ થી ૧૧ રાખેલ છે.**
સ્થળ : રામેશ્વર મહાદેવ, સેક્ટર-૩-ડી, ગાંધીનગર
લિ.
ગં.સ્વ. લક્ષ્મીબેન જોઈતારામ પટેલ — દિપકભાઈ જોઈતારામ પટેલ
ગં.સ્વ. રંજનબેન ગૌતમભાઈ પટેલ — દેવાંગ ગૌતમભાઈ પટેલ
સ્વ. જોઈતારામ પ્રભુદાસ પટેલ પરિવાર
પિયર પક્ષનું બેસણું ઉપરના સમયે અને સ્થળે રાખેલ છે.
સ્વ. શ્રી બાલચંદદાસ મફતલાલ પટેલ પરિવાર (સરઢવવાળા)

# મનપામાં ૧,૫૦,૬૧૦ નોંધાયેલા મતદારો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટે હવે નોંધાયેલા મતદારોની સંખ્યા ૧,૫૦,૬૧૦ થવા પામી છે. મતદાર નોંધણી સુધારણા ઝુંબેશ દરમ્યાન તંત્રને ૩૯૯ અરજી નામ નોંધાવવાની મળી હતી અને ૫૭ અરજી નામ કમી કરવાની મળી હતી.

જે ૩૯૯ અરજી મળી હતી જેમાં ૨૨૯ પુરૂષ અને ૧૭૦ સ્ત્રી મતદારોએ નામ નોંધાવવા અરજી કરી હતી. જ્યારે ૨૯ પુરૂષ અને ૨૮ સ્ત્રી મળી ૫૭ અરજી નામ કમી કરવા માટે મળી હતી.

આ પછી શહેરમાં નોંધાયેલા મતદારોની સંખ્યા આ પ્રમાણે થાય છે.

| વોર્ડ નં. | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ૧ | ૧૦૨૦૭ | ૯૪૫૫ | ૧૯૬૬૨ |
| ૨ | ૧૦૦૪૪ | ૮૯૯૩ | ૧૯૦૩૭ |
| ૩ | ૯૨૯૧ | ૮૬૫૨ | ૧૭૯૪૩ |
| ૪ | ૮૨૭૧ | ૭૫૯૭ | ૧૫૮૬૮ |
| ૫ | ૧૦૧૨૪ | ૯૧૩૩ | ૧૯૨૫૭ |
| ૬ | ૮૩૯૫ | ૭૭૯૦ | ૧૬૧૮૫ |
| ૭ | ૧૦૭૪૮ | ૧૦૪૪૫ | ૨૧૧૯૩ |
| ૮ | ૧૦,૮૧૬ | ૧૦,૬૪૯ | ૨૧૪૬૫ |
| કુલ | ૭૭૮૯૬ | ૭૨૭૧૪ | ૧,૫૦,૬૧૦ |

# લોકવિકાસ મંચના ઉમેદવારોની યાદી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પડઘમ વાગી ચુક્યા છે. રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ રહી છે ત્યારે ગાંધીનગર મનપામાં લોક વિકાસ મંચે પણ ઝંપલાવ્યુ છે. ત્યારે મંચ દ્વારા ૧૯ સંભવિત ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં ડી.ટી. પટેલ (ચેરમેન, ગાંધીનગર અર્બન કો. ઓ. બેંક), મનુભાઈ મહેતા (ભૂ.પૂ. પ્રમુખ, ગુ.રા. સચિવલય કર્મચારી એસોસિએશન), કિશોર તામ્હણે (નિવૃત્ત સં. સચિવ, સચિવાલય જીમખાના તથા કો.ઓ. સો.પ્ર.), અમૃતભાઈ સોલંકી, ભાવેશ ચૌહાણ (ગાંધીનગરના અગ્રગણ્ય બિલ્ડર), જગતસિંહ ચંપાવત (સે. ૧૯ જીમખાના મેનેજર), પી.આઈ. પટેલ, જી.આર. ડામોર (નિવૃત્ત સંયુક્ત સચિવ), જયંતિભાઈ પટેલ (સામાજીક કાર્યકર), દિલિપભાઈ પરમાર, નવિનીબેન નાગર (નિવૃત્ત અધિકારી), રમિલાબેન વાઘેલા, મંજુલાબેન તબીયાર, જયશ્રીબેન પંડ્યા (નિવૃત્ત શિક્ષક), કલ્પનાબેન ગોસ્વામી, રતનબેન રાવલ, જીતેન્દ્ર ઠાકોર, રામેશ્વર લોટ (નિવૃત્ત કર્મચારી નેતા)નો સમાવેશ થાય છે.

## વાદળછાયું વાતાવરણ...


(તસવીર : કશ્યપ નિમાવત)

પ્રથમ માસિક પૂણ્યતિથિએ
ભાવાંજલિ



હૃદયસ્થ શ્રી દેવજીભાઈ પારઘી
(ડી. જે. પરમાર, નિવૃત્ત નાયબ સચિવશ્રી ગુ.રા.)
સ્વર્ગવાસ : તા. ૭/૩/૨૦૧૬, 'મહાશિવરાત્રી' સોમવાર
સ્મરીએ તમોને નમન કરીને, અર્પીએ સ્મરણાંજલિ
શિવરાત્રીએ મહાપ્રયાણ કરીને, સિધાવ્યા સદ્‌ગતિ
અર્પતા રહેજો આશિષ અમને, અર્પજો સદૈવ સન્મતિ
પ્રાર્થીએ તમોને વંદન કરીને, માસિક પૂણ્યતિથિ નિમિત્તે
ગં.સ્વ. બાલુબેન દેવજીભાઈ (પત્ની) — સુરેશ પારઘી (જયેષ્ઠ પુત્ર)
ચંદ્રકાન્ત પારઘી (પુત્ર) — કીરીટ પારઘી (પુત્ર)
અરૂણા-શાંતિલાલ (દીકરી-જમાઈ) — સ્નેહા, લક્ષ્મી, માલતી (પુત્રવધુઓ)
ધારા, શિવાની (પૌત્રીઓ) — શિવમ્, કુલદિપ, ધ્રુવ, રીષિલ (પૌત્રો)

ગાંધીનગર માટે
LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ટચુકડી જાહેર ખબર
માત્ર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ચણતર-પ્લાસ્ટર કોન્ટ્રાક્ટર જોઈએ છે
રેસીડેન્સીઅલ (ફ્લેટ) સાઈટ માટે ચણતર તથા પ્લાસ્ટર કામના અનુભવી તથા ઝડપી તેમજ સારી ગુણવત્તાવાળું કામ કરી શકે તેવા કોન્ટ્રાક્ટરોએ નીચેના સ્થળ ઉપર દિન-૭માં રૂબરૂ ભાવપત્રક સાથે મળવું.
સિદ્ધરાજ ઈન્ફ્રા પ્રા. લી.
ઓફિસ નં. ૨૦૧, સિદ્ધરાજ ઝાવોડ, એસ.જી. હાઈવે, સરગાસણ ચોકડી પાસે, ગાંધીનગર
સમય : સવારે ૧૧ થી ૬ (સોમથી શનિ)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com